# EAM’s visit to Japan 6-7 October, 2020

September 29, 2020

## 6-7 ઓક્ટોબર, 2020 નાં રોજ વિદેશ મંત્રીની જાપાનની મુલાકાત

સપ્ટેમ્બર 29, 2020

ડૉ. એસ. જયશંકર જાપાનનાં વિદેશ મંત્રી સાથે દ્વિપક્ષીય પરામર્શો માટે 6-7 ઓક્ટોબર 2020 નાં રોજ ટોક્યો, જાપાનની મુલાકાત લેશે. બન્ને મંત્રીઓ પારસ્પરિક હિતોનાં દ્વિપક્ષીય અને પ્રાંતિય મુદ્દાઓ પર ચર્ચા કરશે તેવું અપેક્ષિત છે.

આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રી 6 ઓક્ટોબર, 2020 નાં રોજ દ્વિતિય ભારત-ઓસ્ટ્રેલિયા-જાપાન-યુએસએ મંત્રીઓની બેઠકમાં પણ ભાગ લેશે, જેમાં સંબંધિત દેશોનાં વિદેશ મંત્રીઓ ભાગ લેશે.

વિદેશ મંત્રીઓ કોવિડ-19 બાદનાં આંતરરાષ્ટ્રિય ક્રમની અને આ મહામારીમાંથી ઉદ્ભવી રહેલા વિવિધ પડકારોનાં સંકલિત પ્રતિભાવની જરૂરિયાત પર ચર્ચા કરશે. તેઓ પ્રાંતિય મુદ્દાઓની ચર્ચા પણ કરશે અને મૂક્ત, ખુલ્લા અને સમાવેશક ઈન્ડો-પેસિફિકની જાળવણી કરવાની અગત્યતાની પણ સંયુક્ત રીતે પુષ્ટિ કરશે.

વિદેશ મંત્રી જાપાનની પોતાની મુલાકાત દરમિયાન ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાનાં વિદેશ મંત્રીઓ સાથે પણ દ્વિપક્ષીય પરામર્શો યોજશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 29, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.